

શહેરમાં હજુ વરસાદ પડયો નથી પરંતુ માહોલ ચોકકસ બંધાઈ રહ્યો છે. સવારે અને સાંજે આકાશમાં ઘેરાઈઆવતા વાદળો અવનવા દંશ્યો આકાશમાં સર્જે છે. સણુલી સંધ્યાના મનમોહક દંશ્યો કુદરતની અનોખા કળા છે. કુદરતની આ કળા કારીગરીના દંશ્યો સવારે સાંજે જોનારા વસાહતીઓ ખરેખર નસીબદાર છે. આવા દંશ્યો જયારે આકાશમાં સર્જાય ત્યારે મન પ્રફુલ્લીત થઈ જાય છે.

મનપાના રાયસણમાં ૮૦ મીટરના માર્ગનું નામાભિધાન મોકૂફ

મનપાએ સત્તાવાર યાદીમાં જણાવ્યું છે કે નામકરણની નીતિ ન હોઈ હાલ સૂચન સ્થગિત કર્યું

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મનપામાં સમાવવામાં આવેલ રાયસણ પેટ્રોલ પંપથી ૮૦ મીટરના રોડના નામાભિકરણ અંગે વિવાદ ઉભો થવા પામ્યો છે. જોકે મોડી સાંજે નામકરણ અંગેની નીતિ મનપામાં હાલ નહિ હોવાથી નામકરણનો નિર્ણય હાલ સ્થગિત કરવામાં આવ્યો હોવાનું મનપાની સત્તાવાર યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

ગઈકાલે મેયર હિતેશ મકવાણાએ આ માર્ગનું નામાભિકરણ કરવા કમિશનરને પત્ર લખી સૂચન કર્યુ હતુ.

આ પછી આજે વિવિધ અખબારોમાં પ્રગટ થયેલા આ સમાચારોએ રાજકીય વિવાદ જગાવ્યો હતો. કોંગ્રેસના કાઉન્સીલર અંકિત બારોટે પત્ર લખી વિરોધ કરતાં જણાવ્યુ હતુ કે સે. ૨૪ના ઉદ્યાનને ડૉ. આંબેડકર ઉદ્યાન એવુ નામાભિધાન કરવું જોઈએ ત્યારે તત્કાલીન સત્તાધારી પક્ષ દ્વારા આ દરખાસ્તને નામંજૂર કરી અને લેખિત પ્રત્યુત્તરમાં જણાવવામાં આવ્યું હતું કે આ સત્તા મનપા પાસે છેજ નહિ તેથી નામાભિકરણ થઈ શકે નહિ.

ગાંધીનગર મનપાને માત્ર સફાઈની જ સેવા સોંપવામાં આવી છે તેથી આ સત્તા ન હોવાનું પણ સ્વાભાવિક છે.

બીજી તરફ આ માર્ગ ગુડા હસ્તકનો છે. જોકે અન્ય શહેરોમાં માર્ગોના નામાભિધાન માટેની સત્તા કોર્પોરેશન હસ્તક છે અને નામકરણ કરવામાં આવતુ હોય છે.

દરમ્યાન આજે મનપાની સત્તાવાર યાદીમાં જણાવાયા મુજબ ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર દ્વારા મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખીને રાયસણ પેટ્રોલ પંપથી ૮૦ મીટરના રોડને 'પૂજ્ય હિરાબા માર્ગ' તરીકે નામકરણ કરવા સૂચન કરવામાં આવ્યું હતું.

પરંતુ ગાંધીનગરના રસ્તાઓના નામાકરણ કરવાની બાબતે હાલ કોઈ પોલિસી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મંજૂર કરવામાં આવેલ ન હોવાથી હાલ પુરતી આ સૂચન દરખાસ્ત મુલતવી રાખવામાં આવે છે. ભવિષ્યમાં આ મુદ્દે જો કોઈ પોલિસી બનાવવામાં આવશે તો આ મુદ્દાને ધ્યાને લઈને યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લામાં આ વખતે શાળા પ્રવેશોત્સવમાં કન્યા કરતાં કુમાર વધુ પ્રવેશ મેળવશે

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં આ વખતે શાળા પ્રવેશોત્સવમાં કન્યાઓ કરતાં કુમાર વધુ પ્રવેશ મેળવશે. શહેર-જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ અંગેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬૫૦૦ કુમાર અને ૬૩૦૦ કન્યાઓ પ્રવેશપાત્ર છે અને તેમને ધો. ૧ માં આગામી ૨૩ થી ૨૫ દરમ્યાન યોજાનાર પ્રવેશોત્સવમાં પ્રવેશ આપવામાં આવશે.

જિલ્લામાં બે વર્ષ બાદ શાળા પ્રવેશોત્સવ ઉજવાઈ રહ્યો છે. શિક્ષણ વિભાગ પણ આ પ્રવેશોત્સવના કાર્યક્રમને લઈ ઉત્સાહિત છે. તંત્ર દ્વારા હાલ તો આ પ્રવેશોત્સવના આયોજનમાં વધુ વ્યસ્ત છે. પ્રવેશપાત્ર બાળકોનો સર્વે સંપન્ન થયા બાદ હવે કાર્યક્રમ માટેની તૈયારીઓ શરૂ કરી છે.

મળતી વિગતો પ્રમાણે ૧૦૦ ટકા હાજરી ધરાવતા બાળકોનું વિશેષ સન્માન કરવામાં આવનાર છે. આ ઉપરાંત બાળકોને પ્રવેશવેળાએ ગામમાં તેમના પ્રવેશને વધાવવામાં વાલીઓ વધુ ને વધુ જોડાય તેને અગ્રતા આપવામાં આવશે.

આ વખતે પ્રવેશોત્સવમાં જે કિશોર કે કિશોરી શાળાએ જતા ન હોવાનું જણાય તેમનુ પણ શાળામાં નામાંકન થાય તેના પર પણ ધ્યાન આપવામાં આવનાર હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

સેકટરોમાં રીંગ રોડ પહોળા કરવા માટે ૫૦૦ જેટલા વૃક્ષો કપાશે

કોર્પોરેશને વનતંત્રને પત્ર લખ્યો વૃક્ષોનુ માર્કીંગ શરૂ કરાયુ : સેકટરોમાં રીંગ રોડની કામગીરી માર્ગ સલામતી માટે પણ જોખમી પુરવાર થઇ રહી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે ત્યારે હવે હરિયાળી સામે પણ ખતરો..

ગાંધીનગર તા ૧૬

સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા શહેરમાં ઠેર ઠેર વૃક્ષોનુ નિકંદન વળી રહ્યુ છે. નગરમાં માર્ગોની સુધારણા તેમજ નવા બિલ્ડીંગના નિર્માણ માટે પણ હરિયાળીનુ નિકંદન વળી રહ્યુ છે. ત્યારે સેકટરોમાં રીંગ રોડને પહોળા કરવા માટે પણ વૃક્ષોનુ છેદન કરવાની નિતી સામે અનેકવાર પ્રકૃતિ પ્રેમીઓએ રોષ ઠાલવ્યો છે. શહેરના સેકટરોમાં રીંગ રોડની કામગીરીને અનુલક્ષી કોર્પોરેશને વનતંત્રને પત્ર લખી સેકટરોમાં નડતરરૂપ વૃક્ષોનુ માર્કીંગ તેમજ કટોતી કરવા માટે રજુઆત કરી છે. જેના લીધે શહેરમાં અંદાજિત ૫૦૦ જેટલા વૃક્ષોની કટોતી થતા સ્માર્ટ લુક મેળવવાની દોડમાં ગ્રીનસીટી વધુ બેરન બનશે તેવો આક્રોશ પણ પ્રબળ બન્યો છે.

ગાંધીનગરમાં સ્માર્ટ સીટીના નામે અનેકવાર સેંકડો વૃક્ષોની કટોતી થાય છે. હરિયાળીનો સોથ વળતા અનેકવાર પ્રકૃતિ પ્રેમીઓએ રોષ ઠાલવ્યો છે. જયારે માર્ગ સુધારણા અને વાઇડનીંગના કામો ઉપરાંત નવા બિલ્ડીંગો બાંધવા માટે પણ વૃક્ષોનુ છેદન થતા પ્રકૃતિ પ્રેમીઓએ અનેકવાર વિરોધ પ્રદર્શિત કર્યો છે. ચિલોડા સરખેજ માર્ગને અનુલક્ષીને પણ સેંકડો વૃક્ષોની કટોતી થઇ છે. જયારે હાલ શહેરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે પાણી ગટરની નવી લાઇન નાંખવાનુ કામ હાથ ધરાતા સંખ્યાબંધ વૃક્ષોની કટોતી તરફ વિકાસ આગળ વધી રહ્યો છે. એક યા બીજી રીતે વૃક્ષાની કટોતીનો સિલસિલો ચાલુ રહેતા સ્થાનિકોમાં પણ પ્રબળ રોષની લાગણી વ્યાપી છે. જયારે હવે શહેરના મુખ્યમાર્ગોની સાથે સેકટરોમાં પણ ટ્રાફિક વધતા સેકટરોના રીંગ રોડ પણ વચાળે ડિવાઇડર ઉભા કરી પહોળા કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. જો કે રીંગ રોડને પહોળા કરવાની કામગીરી પણ સ્થાનિકો માટે અસંતોષકારક નિવડી છે. જેમાં માર્ગ સલામતી પણ ન જળવાતી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે સેકટરોમાં રીંગ રોડના વાઇડનીંગને અનુલક્ષી વૃક્ષોની કટોતી કરવા માટે કોર્પોરેશનનુ તંત્ર હરકતમાં આવ્યુ છે. કોર્પોરેશને વન વિભાગને પત્ર લખી સેકટરોમાં રીંગ રોડની આ કામગીરી

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાની પાંચેય બેઠકો માટે ભાજપે પ્રભારી નિયુક્ત કર્યા

જિલ્લા ભાજપના અગ્રણીઓ સર્વશ્રી આશિષ દવે (વાવ), હિતેન્દ્ર પટેલ (વિજાપુર), અને એચ. એમ. પટેલ (દહેગામ) પ્રભારી તરીકે નિમાયા

ગાંધીનગર, તા..૧૬

ભારતીય જનતા પક્ષે વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ વેગીલી બનાવી છે. આજે પક્ષે ઉત્તર ઝોનની ૫૯ બેઠકોના પ્રભારીઓના નામની યાદી જાહેર કરી છે. આ પ્રભારીઓ સંગઠન સાથે સંકલનમાં રહી વિધાનસભાની ચૂંટણી સુધી જવાબદારી સંભાળશે.

ગાંધીનગ (ઉ) વિધાનસભા માટે ભારતીય જનતા પક્ષે જતીન પટેલને પ્રભારી બનાવ્યા છે. ગાંધીનગ (દ) માટે ગિરિવરસિંહ શેખાવત, માણસા માટે અમૃતભાઈ દવે, તેમજ કલોલ માટે ડૉ. ઋત્વીજ પટેલ અને દહેગામ માટે એચ.એમ. પટેલને નિયુક્ત કરવામાં આવ્યા છે.

જિલ્લામાંથી ત્રણ નેતાઓને પ્રભારી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. ગુડાના પૂર્વ ચેરમેન આશિષ દવેને (વાવ), એચ. એમ. પટેલને (દહેગામ), તેમજ હિતેન્દ્ર પટેલને (વિજાપુર)ના પ્રભારી બનાવવામાં આવ્યા છે.

આજે ભાજપના પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલે ઉત્તર ગુજરાતના ૫૯ બેઠકોના નિરીક્ષકોની જાહેરાત કરી હતી જેમાં અમદાવાદ શહેર, ગાંધીનગર જિલ્લો, મહેસાણા, અરવલ્લી, સાબરકાંઠા, કચ્છ અને બનાસકાંઠાનો સમાવેશ થાય છે.

બપોરે ગોરંભાયેલા વરસાદી વાદળો પલવારમાં જ વિખરાયા

ગરમી યથાવત : છેલ્લા ત્રણ ચાર દિવસથી મેઘરાજા હાથતાળી આપતા નગરજનો ગરમીથી બેચેન : હવામાન તજજ્ઞોનાના મતે આગામી ચાર પાંચ દિવસમાં ધોધમાર વરસાદ વરસશે

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં ઉનાળાના ચાર મહીનાની કાતિલ ગરમીના અંતે જુનના મધ્યમાં હજુ સુધી એક પલળી જવાય તેવુ ઝાપટુ પણ વરસ્યુ નથી રોજબરોજ આકાશમાં ગોરંભાતા વરસાદી વાદળો પલવારમાં જ અદ્રશ્ય થઈ જાય છે. જેના લીધે હજુ ગરમીનો પારો તપી રહ્યો છે. આજે પણ મહત્તમ તાપમાન ૩૯ ડીગ્રી નજીક રહ્યુ હતુ. જયારે દિવસ દરમિયાન બપોરે થોડીવાર માટે આકાશી નઝારો બદલાયો હતો પરંતુ વરસાદ વરસ્યા વિના જ વાદળો વિખેરાઈ જતા નગરજનોએ બફારો વેઠયો હતો. સાંજના સમયે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ઘટી ગયુ હતુ. હવામાન તજજ્ઞોનાના મતે આગામી ચાર પાંચ દિવસમાં ધોધમાર વરસાદ વરસશે.

શહેરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી વરસાદી વાદળો વરસ્યા વિના જ વિખેરાઈ જતા હાથતાળી આપી જતા મેઘરાજા સૌ કોઈ માટે અકળામણનુ કારણ બન્યા છે. નગરજનો સતત છેલ્લા ત્રણ મહીનાથી કાતિલ ગરમી વેઠી અકળાયા છે. ત્યારે વરસાદ પણ ગાંધીનગરના સેકટરોથી દરરોજ હાથવેંત છેટો રહી જાય છે. આકાશમાં વરસાદી વાદળો ગોરંભાય છે. જયારે રોજબરોજ નિખરતા વરસાદી માહોલ વચ્ચે મેઘરાજાની ગેરહાજરી નગરજનોને ખુંચી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી વાદળિયા વાતાવરણ વચ્ચે ગરમીનુ જોર થોડુ ઘટયુ છે. પરંતુ આકાશમાં વાદળોની અવરજવર વચ્ચે હજુ આકરો બફારો નગરજનો બેચેન કરી રહ્યો છે. દિવસે વાદળિયા વાતવરણના આવરણ વચ્ચે અંગ દઝાડતી ગરમીથી નગરજનો રાહત અનુભવી રહ્યા છે. પરંતુ વરસાદ ખેંચાતા નગરજનોની રોજબરોજ મેહુલિયો મનભરીને વરસે તેવી આશ ઠગારી નિવડે છે. ગઈકાલે વરસાદી વાદળો દુર હટી જતા મહત્તમ તાપમાન પણ ૩૯ ડીગ્રી સુધી પહોંચી ગયુ હતુ જયારે આજે પણ મહત્તમ તાપમાનમાં કોઈ વિશેષ ફેરફાર નોંધાયો ન હતો. આજે ગરમીનો પારો ૩૮.૮ ડીગ્રી રહ્યો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ ગઈકાલની સાપેક્ષમાં વધ્યુ હતુ. લઘુત્તમ તાપમાન ૨૮ ડીગ્રી

● અનુસંધાન પાન-૭ પર

શહેર-જિલ્લામાં કોરોનાના નવા ૮ કેસ

ગાંધીનગર શહેરમાં સે. ૧, ૪, ૭ તેમજ કુડાસણમાંથી એક-એક કેસ મળ્યો : ગાંધીનગર તાલુકામાંથી ૩ અને માણસાના પરબતપુરા ગામેથી કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૪ કેસ તેમજ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાના આજે વધુ ૪ કેસ નોંધાયા છે. શહેર-જિલ્લામાં કેસોની ગતિ વધતાં તંત્રની દોડધામ વધી જવા પામી છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં વધી રહેલા કેસોને પગલે તંત્ર હવે એલર્ટ મોડ પર આવી ગયુ છે અને રોજેરોજ ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા માટે તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા માટે કડક તાકીદ કરવામાં આવી છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના નોંધાઈ રહેલા કેસોમાં ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા તેમજ લોકલ ટ્રાન્સમિશનથી પણ નોંધાયેલા કેસો સામે આવી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેર-જિલ્લામાં હાલ નોંધાઈ રહેલા કેસો ઓમિક્રોનના હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. નોંધાઈ રહેલા કેસોમાં પણ કોરોનાના હળવા લક્ષણો દેખાતા હોવાનું આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.

લોકલ ટ્રાન્સમિશન ઝડપથી પ્રસરી રહ્યાનું તંત્રના સૂત્રોએ આડકતરી રીતે સ્વીકાર્યુ છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા ૪ કેસમાં બે મહિલા દર્દી છે. મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી પણ તંત્રની ચિંતા વધી રહી છે.

શહેરમાં આજે સે. ૪, ૧, ૭ અને કુડાસણમાંથી કેસો મળી આવેલ છે. આ વિસ્તારો ત્રીજી લ્હેર દરમ્યાન પણ સંવેદનશીલ બની ઉભર્યા હતા તેથી તંત્રની ચિંતા વધી છે. તંત્રએ સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે. આજે નોંધાયેલા કેસોમાં ૩ દર્દીઓ કોઈપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી નહિ ધરાવતા હોવાનું જાણવા મળેલ છે તેથી તંત્ર પણ હવે આ દર્દીઓ કેવી રીતે સંક્રમિત થયા તેનુ પગેરૂ મેળવવામાં વ્યસ્ત બન્યા છે.

કુડાસણમાં ૫૨ વર્ષીય મહિલા કેરાલા જઈ ૧૩મીએ જ પરત ફર્યા છે. તાવ અને અન્ય લક્ષણો જણાતાં કોરોનાનો રિપોર્ટ કરાવતા રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૪ માં ૩૯ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૧ માં ૩૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ અને સે. ૭ માં ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા ૪ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળના દર્દીઓ વધી રહ્યા હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે. શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૩૬ ને પાર કરી ગઈ છે. શહેરમાં હાલ ૩૦૦ જેટલા લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૪ કેસ નોંધાયા છે જેમાં ૩ કેસ ગાંધીનગર ગ્રામ્યમાં અને ૧ કેસ માણસામાંથી મળ્યો છે.

ગાંધીનગર તાલુકાના આદરજ મોટી ગામની હકુમતમાં આવતા અદાણી શાંતિગ્રામમાંથી આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. આ ત્રણેય દર્દી ગઈકાલે નોંધાયેલ દર્દીના પરિવારમાં હોવાનું જાણવા મળેલ છે.

માણસા તાલુકાના પરબતપુરા ગામે મજૂરી કામ કરતા ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે નોંધાયેલા ચારેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લામાં આજે એક દર્દી રિકવર થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં એક્ટીવ કેસની સંખ્યા ૧૨ને પાર કરી ગઈ છે. હાલ ગ્રામ્ય વિસ્તારમાં ૫૫૬ જેટલા લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તંત્રએ તાકીદ કરી છે.

વનતંત્ર વરસાદની વાટે શહેરમાં ૧૪ હજાર નવા રોપાઓની વાવણી કરાશે

નવા વાવેતરના ઠેકાણે ફેન્સીંગ પણ તૈયાર કરી દેવાઇ : દેશીકુળના અને ઝડપી વિકાસ પામે તેવા રોપાઓની વાવણી કરવા આયોજન : વરસાદના અભાવે વાવેતર કરવામાં વિલંબ

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં હરિયાળી નિખારવા માટે વનતંત્ર દ્વારા વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ શહેરમાં વિવિધ ઠેકાણે ખુલ્લી જગ્યામાં અંદાજિત ૧૪ હજાર જેટલા નવા રોપાઓની વાવણી કરવા માટે ખાડા ખોદી જગ્યા તૈયાર કરી દેવામાં આવી છે. જો કે વરસાદના અભાવે નવા રોપાઓની વાવણીનુ કામ વિલંબમાં પડયુ છે. જયારે નવા રોપાઓની જાળવણી માટે કેટલાક ઠેકાણે વનતંત્ર દ્વારા ફેન્સીંગ પણ કરી દેવામાં આવી છે. આ ઠેકાણે દેશીકુળના અને ઝડપી વિકાસ પામે તેવા પ્રકારના રોપાઓની વાવણી કરાશે.

ગાંધીનગરમાં ચોમાસા દરમિયાન નવા રોપાઓની વાવણી કરવા માટે વનતંત્ર દ્વારા આયોજન કરાયુ છે. જયારે શહેરમાં ખાલી જગ્યાનો સર્વે કરી તંત્ર દ્વારા અંદાજિત ૧૪ હજાર જેટલા રોપાઓની વાવણી કરવા માટે ખાડા પણ ખોદી દેવાયા છે. પ્રતિવર્ષ વન વિભાગ દ્વારા નવા રોપાઓની વાવણી કરવામાં આવે છે. વરસાદી દિવસો દરમિયાન ખોદાયેલા ખાડામાં નવા રોપાઓની વાવણી કરાતા પાણી મળી રહેતા રોપાઓના ઉછેરમાં પણ સરળતા રહે છે. આ વર્ષે પણ તંત્ર દ્વારા ગત ઉનાળા દરમિયાન શહેરમાં વિવિધ ઠેકાણે ખાડા ખોદી વાવેતરની તૈયારી કરી દેવામાં આવી છે. જયારે હાલ વરસાદ ખેંચાતા વનતંત્ર કક્ષાએથી હજુ નવા રોપાઓની વાવણી કરવામાં આવી નથી. વરસાદી દિવસોમાં શહેરમાં હરિયાળી વધુ નિખરે તેવા આશયથી વનવિભાગ દ્વારા દેશ કુળના ઝડપથી વિકાસ પામતા અને ફળાઉ રોપાઓની પણ વાવણી કરવામાં આવે છે. એકબાજુ હાલ શહેરમાં મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તાર કંગાળ બનતો જાય છે. વન વિસ્તારની ફેન્સીંગ

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરના પંજાબ હ્યુન્ડાઈ શૉ-રૂમ ખાતે હ્યુન્ડાઈની નવી કાર 'વેન્યુ'નું લોન્ચીંગ ભારે ઉલ્લાસમય વાતાવરણમાં ગુરૂવારે થયું હતું. આ પ્રસંગે બેંક ઓફ બરોડાના ડેપ્યુટી રિજીયોનલ મેનેજર જે. કે. કેડિયા અને એચ.ડી.એફ.સી. બેંકના હિરેન વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મોટી સંખ્યામાં હ્યુન્ડાઈના શુભેચ્છકો અને કંપનીનો સ્ટાફ પરિવાર લોન્ચીંગમાં જોડાયા હતા. પંજાબ હ્યુન્ડાઈ ગાંધીનગરના મેનેજર ધર્મેન્દ્ર શાહે ભારે જહેમત ઉઠાવી નવી કારના લોન્ચીંગના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com